|| શ્રી મહાવીરાય નમઃ ||

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૧૩ જુલાઈ ૨૦૨૫ મહિલા મંડળ કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**

**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

**શ્રેણી – ૧૪**

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| OPEN /REGULAR | | WRITER | |
| SANGH NAME | | SUPARVISOR NAME | |
| MAHILA MANDAL | | TOTAL MARKS | |

(૧૦)

**પ્ર.૧ સામાયિક–પ્રતિક્રમણના આધારે લખો.**

**(૧) પાઠપૂર્તિ કરો. (૬)**

૧. વત્થ વિહિં **વિલેવણ વિહિં પુપ્ફ વિહિં આભરણ વિહિં ધૂવણ વિહિં** પેજ્જ

૨. પણવીસાએ **ભાવણહિં છવ્વીસાએ દસા કપ્પ વવહારાણં ઉદ્દેસણ કાલેહિં** સત્તાવીસાએ

૩. એયંપિયણં **ચરમેહિં ઉસ્સાસનિસ્સાસેહિં વોસિરામિ તિકટ્ટુ** એમ

**(૨) નીચેના શબ્દોનું માગધી લખી કયા પાઠમાં આવે છે? (૪)**

૧. કોઈ નિમિત્તે રાખેલ હોય તે લેવા વડે **મંડી પાહુડિયાએ** **બીજા શ્રમણસૂત્રમાં**

૨. લોકમાં દીપક સમાન **લોગ પઈવાણં** **સામાયિકના સાતમા પાઠમાં**

૩. જે કાંઈપણ **જં કિંચિ** **પ્રતિક્રમણના ત્રીજા પાઠમાં**

૪. પૂર્ણ શુદ્ધ **સંસુદ્ધં** **પાંચમા શ્રમણસૂત્રમાં**

(૭૫)

**પ્ર.૨ (અ) પુચ્છિંસ્સુણં સૂત્રના આધારે લખો. (૩૦)**

**(૧) નીચેની ગાથા પૂર્ણ કરી ભાવાર્થ લખો. (૧૫)**

૧. મહિએ **મજ્ઝંમિ ઠિએ ણગિંદે, પણ્ણાયતે સૂરિએ સુદ્ધલેસે ।**

**એવં સિરિએ ઉસ ભૂરિવણ્ણે, મણોરમે જોયઇ** અચ્ચિમાલી ॥

**અર્થ : પૃથ્વીના મધ્ય ભાગમાં સ્થિત સર્વ પર્વતોનો ઇન્દ્ર, મેરુપર્વત – સૂર્યની જેમ શુદ્ધ કાંતિવાળો પ્રતીત**

**થાય છે. એ જ રીતે પોતાની શોભાથી અનેક પ્રકારનાં રત્નોના વર્ણોએ કરી મનને આનંદ આપે છે અને સૂર્યની જેમ સર્વ દિશાઓને પ્રકાશિત કરે છે.**

૨. જોહેસુ **ણાએ જહ વીસસેણે, પુપ્ફેસુ વા જહ અરવિંદમાહુ ।**

**ખત્તીણ સેટ્ઠે જહ દંતવક્કે, ઇસીણ સેટ્ઠે તહ** વદ્ધમાણે ॥

**અર્થ : જેમ યોદ્ધાઓમાં વિશ્વસેન (વાસુદેવ), પુષ્પોમાં અરવિંદ કમળ અને ક્ષત્રિયોમાં દંતવાક્ય (વાક્ય પાળનારો – ચક્રવર્તી) શ્રેષ્ઠ છે, તેમ ઋષિઓમાં શ્રી વર્ધમાન શ્રેષ્ઠ છ**

૩. સે ભૂઇ **પણ્ણે અણિએ અચારી, ઓહંતરે ધીરે અણંતચક્ખૂ ।**

**અણુત્તરં તપ્પઇ સૂરીએ વા, વઇરોયણિંદે વ તમં** પગાસે ॥

**અર્થ : તે શ્રી ભગવાન મહાવીર અનંતજ્ઞાની, અપ્રતિબદ્ધ વિહારી, સંસારસાગરને તરનારા, ધીરજવાન, અનંત જ્ઞાનરૂપ નેત્રવાળા તથા જેમ સૂર્ય સર્વથી વિશેષ તપે છે તેમ તેઓ સર્વથી અધિક ઉત્કૃષ્ટ તપ કરતા હતા. જેમ વૈરોચન અગ્નિ અંધકારમાં પ્રકાશ કરે છે તેમ તેઓ અજ્ઞાન અંધકાર દૂર કરી પ્રકાશ કરનાર હતા.**

૪. પુચ્છિંસ્સુ **ણં સમણા માહણા ય, અગારિણો યા પરતિત્થિઆ ય।**

**સે કેઇ ણેગંતહિય ધમ્મમાહુ, અણેલિસં સાહુ** સમિક્ખયાએ ॥

**અર્થ : શ્રી સુધર્મસ્વામીને શ્રી જંબૂસ્વામીએ પૂછ્યું કે હે ભગવન્ ! શ્રમણો, બ્રાહ્મણો, ગૃહસ્થો તથા અન્ય દાર્શનિકો મને પૂછે છે કે એકાંત હિતકારી અને ઉત્તમ ધર્મને સમ્યક્ પ્રકારથી કોણે કહેલ છે?**

૫. સુદંસણ **સ્સેવ જસો ગિરિસ્સ, પવુચ્ચઇ મહતો પવ્વયસ્સ ।**

**એતોવમે સમણે નાયપુત્તે, જાઇ જસો દંસણ** નાણસીલે ॥

**અર્થ : આ ઉપમાઓ દ્વારા મહાન સુદર્શન પર્વત, ગિરિરાજનો યશ બતાવ્યો છે તેવી જ ઉપમાએ શ્રમણ ભગવાન જ્ઞાતપુત્ર શ્રી મહાવીરદેવ જાતિ, યશ, દર્શન, જ્ઞાન અને શીલે સર્વોત્તમ હતા.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો. (૮)**

૧. નંદનવન શ્રેષ્ઠ છે તે દર્શાવતી ગાથા લખો.

**રુક્ખેસુ ણાએ જહ સામલી વા, જંસિ રઇં વેદયંતિ સુવણ્ણા ।**

**વણેસુ વા ણંદણમાહુ સેટ્ઠં, નાણેણ સીલેણ ય ભૂઇપણ્ણે ॥**

૨. પાખંડીના સ્થાન જેમાં આવતા હોય તે દર્શાવતી ગાથા લખો.

**કિરિયાકિરિયં વેણઇયાણુવાયં, અણ્ણાણિયાણં પડિયચ્ચ ઠાણં ।**

**સે સવ્વવાયં ઇઇ વેયઇત્તા, ઉવટ્ઠિએ સંજમ દીહરાયં ॥**

૩. ભગવાન મહાવીર કોનાથી અજેય હતા? શા માટે? મેરુપર્વત શા માટે દુર્ગમ છે?

**પ્રતિવાદીઓથી. પ્રમાણ, નય, નિક્ષેપ, અનેકાંતવાદની ગહનતા માટે તથા ગૌતમ આદિ વિદ્વાન શિષ્યોને કારણે પ્રતિવાદીઓ માટે અજેય હતા. મેખલા આદિ ઉપપર્વતોને કારણે સર્વ પર્વતોમાં દુર્ગમ (અજેય) છે.**

૪. કોણ સિદ્ધ થયા અને કોણ આગામીકાળે સિદ્ધ થશે?

**સમ્યક્ પ્રકારે અર્થ અને પદ વડે શુદ્ધ એવા અરિહંત ભાષિત ધર્મને સાંભળીને, તેની શ્રદ્ધાથી અનેક લોકો આયુષ્ય રહિત થયા (સિદ્ધ થયા). જેનાં કર્મ બાકી રહ્યાં તેઓ દેવોના અધિપતિ ઇન્દ્રાદિક થઈને આગામી કાળે સિદ્ધ થશે.**

**(૩) નીચેના શબ્દોનું માગધી લખો. (૪)**

૧. ઉપધાનતપ **ઉવહાણવં** ૨. એવી ઉપમાઓથી **એતોવમે**

૩. શ્રેષ્ઠ હતા **ણિહ** ૪. વસ્તુ પરની ગૃદ્ધિને છોડી છે **વિગયગેહી**

**(૪) નીચેના શબ્દોના અર્થ લખો. (૩)**

૧. **જગભૂઈપણે** **જગતમાં સર્વથી શ્રેષ્ઠ** ૨. ઝાણવરં **શ્રેષ્ઠ ધ્યાન**

૩. અપડિણ્ણમાહુ **આકાંક્ષા રહિત છે.** ૪. ઠિયસ્સ **સ્થિત**

૫. પણ્ણાયતે **પ્રતીત થાય છે.** ૬. ખોઓદએ વા **ઈક્ષુરસ જેમ**

**(આ) કાયસ્થિતિના આધારે લખો. (૩૦)**

**(૧) કોઠો બનાવીને નીચેના બોલની જઘન્ય અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ લખો. (૧૦)**

| બોલનું નામ | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| ૧. અણાહારી છદ્મસ્થ | ૧ સમય | ૩ સમય |
| ૨. કાપોત લેશ્યા | અંતર્મુહૂર્ત | ૩ સાગર, પલ્યનો અસં. ભાગ અધિક |
| ૩. બાદર તેઉકાયના પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | સંખ્યાતી અહોરાત્રિ |
| ૪. અવધિદર્શન | ૧ સમય | ૧૩૨ સાગર અધિક |
| ૫. સકાયી પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | પ્રત્યેક સો સાગર સાધિક |
| ૬. નો પરિત્ત નો અપરિત્ત | – | સાદિ અનંત |
| ૭. બાદર | અંતર્મુહૂર્ત | અસંખ્યાતોકાળ (બાદરકાળ) |
| ૮. સ્ત્રી વેદ | ૧ સમય | ૧૧૦ પલ્ય, પ્રત્યેક ક્રોડપૂર્વ અધિક |
| ૯. શ્રુત અજ્ઞાન<br>શ્રુત અજ્ઞાન સાદિ સાંત | –<br>અંતર્મુહૂર્ત | અનાદિ અનંત, અનાદિ સાંત, સાદિ સાંત<br>દેશે ઊણું અર્ધ પુદ્ગલ પરાવર્તન |
| ૧૦. અભાષક સંસારી | અંતર્મુહૂર્ત | અનંતકાળ (વનસ્પતિકાળ) |

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો. (૧૩)**

૧. વનસ્પતિકાળ સમજાવો અને કાયસ્થિતિના દ્વાર દર્શાવતી બીજી ગાથા લખો. (૫)

**દ્રવ્યથી અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી. ક્ષેત્રથી અનંતા લોક. કાળથી અનંતો કાળ. ભાવથી અસંખ્યાત**

**પુદ્ગલ પરાવર્તન. તે આવલિકાનાં અસં.માં ભાગમાં જેટલા અસં. સમય જાય તેટલાં પુદ્ગલ પરાવર્તન.**

**ભાસગ પરિત્ત પજ્જત્ત સુહુમ, સન્ની ભવડત્થિ ચરિમેય ।**

**એએસિં તુ પયાણં, કાયઠિઈ હોઈ નાયવ્વા ॥ ૨ ॥**

૨. સિદ્ધપણાનો અંત શા માટે નથી આવતો? (૧×૮)

**રાગ–દ્વેષના કારણરૂપ કર્મનો તેમણે સર્વથા ક્ષય કર્યો છે.**

૩. ૫૫ પલ્યની સ્થિતિ કયા દેવલોકમાં કોની છે? **ઈશાન દેવલોક, અપરિગ્રહિતા દેવીની.**

૪. જીવ આહારક ક્યારે હોય? **ઋજુગતિએ જ એક ગતિમાંથી બીજી ગતિમાં જાય ત્યારે જ આહારક હોય.**

૫. ૬ થી ૮ દ્વારના નામ લખો. **૬) વેદ ૭) કષાય ૮) લેશ્યા.**

૬. કેવળ સમુદ્ઘાતમાં કાર્મણ કાયયોગી કયા સમયે હોય? **ત્રીજા, ચોથા, પાંચમા સમયે.**

૭. કાય દ્વારમાં પ્રત્યેક સો સાગર સાધિક સ્થિતિ કોની છે?

**સકાયી પર્યા., ત્રસકાય પર્યા., સમુચ્ચય બાદર પર્યા.**

૮. શ્રુત જ્ઞાન સાદિ સાંતની ઉત્કૃષ્ટ સ્થિતિ કોની અપેક્ષાએ છે? **ક્ષયોપશમ સમકિતની અપેક્ષાએ છે.**

૯. કયા જીવોનો ઉપયોગ અંતર્મુહૂર્તમાં બદલાય જાય છે? એક શબ્દમાં જવાબ લખો. **છદ્મસ્થ.**

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દમાં લખો. (૭)**

૧. અચરમમાં કોનો સમાવેશ થાય છે? **અભવી, સિદ્ધ**

૨. અવધિદર્શન કયા જીવોને હોય? **વિભંગજ્ઞાની, અવધિજ્ઞાની**

૩. અભાષકમાં કોનો સમાવેશ થાય છે? **સંસારી, સિદ્ધ**

૪. સં પરથી શરૂ થતા દ્વારના નામ લખો. **સંયત, સંજ્ઞી**

૫. ૩૩ સાગરોપમની સ્થિતિ કોની છે? **દેવતા, નારકી**

૬. કોની લેશ્યા અંતર્મુહૂર્તમાં બદલાય છે? **મનુષ્ય, તિર્યંચ**

૭. યોગ દ્વારમાં એક સમયની કોની કાયસ્થિતિ છે? **મન યોગ, વચન યોગ**

**(ઇ) બાર તપના આધારે લખો. (૧૫)**

**(૧) ખાલી જગ્યા પૂરો. (૧૦)**

૧. ...... અથવા ...... ને આવતા જોઇને ઊભા થવું. **ગુરુજન, રત્નાધિક**

૨. હલકા પ્રકારના ......, ...... નો આહાર કરે. **ચણા, વાલ**

૩. ...... અને ...... માં આતાપના લે. **ઠંડીમાં, ગરમી**

૪. પ્રાયશ્ચિત્તના ...... ભેદ અને ઉણોદરીના ...... ભેદ છે. **૫૦, ૧૫**

૫. ……, ……, …… રહિત ઉદ્યાનમાં વિચરવું. **સ્ત્રી, પશુ, નપુંસક**

૬. …… …… ની …… દૂર કરાવી આત્માને …… રહિત બનાવે. **વિષય, કષાય, અભિલાષા, વિકાર**

૭. ……, ……, …… આદિથી સેવા કરે. **આહાર, પાણી, ઔષધ.**

૮. …… રહીને અથવા …… દાતાથી આહાર લે. **મૌન, મૌન**

**(૨) નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો. (૫)**

૧. પાદપોપગમન પ્રત્યાખ્યાનમાં વૈયાવચ્ચ કરાવે છે. **ખોટું. પાદપોપગમન પ્રત્યાખ્યાનમાં વૈયાવચ્ચ ન કરાવે.**

૨. પરિગ્રહ કરીને આનંદ માનવો તે આર્તધ્યાન છે. **ખોટું. પરિગ્રહ કરીને આનંદ માનવો તે રૌદ્રધ્યાન છે.**

૩. ભાવ કાયોત્સર્ગના ત્રણ ભેદ છે. **સાચું.**

૪. જે અનુષ્ઠાનથી સમસ્ત વિકારનો સંપૂર્ણ નષ્ટ થઈ જાય તેને આભ્યંતર તપ કહે છે.

**ખોટું. જે અનુષ્ઠાનથી સમસ્ત વિકારનો સંપૂર્ણ નષ્ટ થઈ જાય તેને તપ કહે છે.**

૫. પ્રશ્ન પૂછીને આહાર દે તો લે. **ખોટું. વગર કોઇ પ્રશ્ને આહાર દે તો લે.**

(૧૫)

**પ્ર.૩ વાર્તાના આધારે લખો.**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખો. (૫)**

૧. કુમાર શ્રમણ કોને કહ્યા છે? **કેશી સ્વામીને**

૨. પાસંડી લોકો કોને માને છે? **કુપ્રવચન**

૩. શેના દ્વારા ઈન્દ્રિયોની અશુભ ક્રિયાને રોકવી જોઈએ? **પ્રતિસંલીનતા**

૪ . ડૂબતા પ્રાણીઓ માટે દ્વીપ શું છે? **ધર્મ**

૫. ગૌતમસ્વામીને કેટલા અંગ સૂત્રનું જ્ઞાન હતું? **બાર**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દમાં લખો. (૫)**

૧. પાર્શ્વનાથ ભગવાન કોના દ્વારા પૂજાયેલા હતા? **નરેન્દ્ર, દેવેન્દ્ર**

૨. મધ્યના ૨૨ તીર્થંકરના સાધુઓ કેવા હોય છે? **ઋજુ, બુદ્ધિમાન**

૩. મન રૂપી ઘોડો કેવો છે? **દુષ્ટ, સાહસિક**

૪ . આચાર ધર્મની વ્યવસ્થા એટલે શું? **બાહ્ય વેષ, ધારણા**

૫. કેશીકુમાર શ્રમણે ગૌતમ સ્વામીને બેસવા કેવું પરાળ આપ્યું? **નિર્દોષ, પ્રાસુક**

**(૩) યોગ્ય વિકલ્પ પર ટીક કરો. (૫)**

૧. બંને મુનિની ચર્ચા સાંભળવા કોણ આવ્યા? **(દેવ,** આણપક્ષી, પિશાચ)

૨. ગૌતમ સ્વામી શેમાં પારગામી હતા? (દર્શન, તપ, **વિદ્યા**)

૩. સ્નેહના બંધન ક્યા છે? (**પરિવાર**, કુટુંબ, સંબંધી)

૪ . ભયંકર અગ્નિ કઈ છે? (રાગ, **માન**, દ્વેષ)

૫. ધ્રુવસ્થાન ક્યાં આવેલું છે? (દેવલોકમાં, **લોકના અગ્રભાગે**, કર્મભૂમિમાં)

**અથવા**

**પ્ર.૩ ભક્તામરના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૧૨)**

૧. જ્ઞાનં **યથા ત્વયિ વિભાતિ કૃતાવકાશં, નૈવં તથા હરિહરાદિષુ નાયકેષુ ।**

**તેજ: સ્ફુરન્મણિષુયાતિ યથા મહત્વં, નૈવં તું કાચ શકલે કિરણા** કુલેડપિ ॥

**અર્થ : આપને વિશે અવકાશ કરીને રહેલું જ્ઞાન જેવું શોભી રહ્યું છે તેવું હરિહરાદિ મુખ્ય દેવોમાં શોભતું નથી, કારણ કે પ્રકાશમાન મણિઓમાં તેજ જેવી પ્રબળતાને પામે છે તેવી, તેજમાં પ્રબળતા સૂર્યકિરણોને વેરતા કાચના કટકા નથી પામતા.**

૨. નાસ્તં **કદાચિદુપયાસિ ન રાહુગમ્ય:, સ્પષ્ટીકરોષિ સહસા યુગપજ્જગન્તિ ।**

**નામ્ભોધરોદર નિરૂદ્ધ મહાપ્રભાવ:, સૂર્યાતિશાયિ મહિમાડસિમુનીન્દ્ર !** લૌકે ॥

**અર્થ : હે મુનીન્દ્ર ! આ લોકમાં આપનો મહિમા સૂર્યથી પણ અધિક છે (કેમ કે કેવળદર્શનરૂપી સૂર્ય ઊગ્યા પછી) તે કદી આથમતો નથી. રાહુ તેને ગ્રહણ કરી શકતો નથી. ત્રણે જગતને બહુ જ શીઘ્રતાથી એકી સાથે પ્રકાશિત કરી શકો છો, તેમ જ કાળાં વાદળાં પણ આપના દર્શનરૂપી મહાપ્રભાવને આવરી શકતા નથી.**

૩. સ્ત્રીણાં **શતાનિ શતશો જનયન્તિ પુત્રાન્, નાન્યા સૂતં ત્વદુપમં જનની પ્રસૂતા,**

**સર્વાદિશો દધતિભાનિ સહસ્ત્ર રશ્મિં, પ્રાચ્યેવ દિગ્જનયતિ સ્ફુરદંશુ** જાલમ્ ॥

**અર્થ : હે નાથ! આ જગતમાં સ્ત્રીઓ લાખો પુત્રોને જન્મ આપે છે પરંતુ તમારી માતા સિવાય કોઈપણ બીજી સ્ત્રીએ તમારા જેવા પનોતા પુત્રને જન્મ આપ્યો નથી. તે એવી રીતે કે જેમ અન્ય સઘળી દિશાઓ તો તારા ઓને ધારણ કરે છે, પરંતુ પૂર્વ દિશા જ એક એવી છે કે જે પ્રકાશમાન કિરણના સમૂહથી યુક્ત એવા સૂર્યને જન્મ આપે છે.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** **(૩)**

૧. વિદિતયોગ એટલે શું? **મોક્ષમાર્ગની સાધનાના જાણનાર.**

૨. પ્રભુએ કોના નયનોનું હરણ કર્યું છે? **દેવ, મનુષ્ય અને ભવનપતિ દેવોના.**

૩. પરમ પુરુષ આપને કેવા માને છે? **અંધકારને દૂર કરવામાં સૂર્ય સમાન તેજસ્વી અને નિર્મળ માને છે.**